સરકાર - તબીબો - પેરામેડિકલ - સમાજ સૌ સાથે મળીને

કોરોના સામેની લડાઇ જીતીશું - પ્રજાજનો નિશ્ચિત રહે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ જાહેર કર્યુ છે કે, રાજ્યમાં કોરોના વાયરસ કોવિડ-૧૯ ની વર્તમાન સ્થિતીમાં દરેક જિલ્લામાં જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં IMAના જિલ્લા પ્રતિનિધિ અને અગ્રણી તબીબની સંકલન સમિતીની રચના કરવામાં આવશે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, કોરોના વાયરસ સામેનો જંગ સરકાર, સમાજ અને તબીબી જગત તથા પેરામેડિકલ સૌના સહયોગથી આપણે જીતવો જ છે. રાજ્યમાં હાલની સ્થિતીએ કોરોનાનો વ્યાપ તીવ્ર થયો નથી પરંતુ જો સ્થિતી વિકટ બને તો જરૂરિયાત મુજબ આવા ખાનગી તબીબોની સેવાઓ, તબીબી માનવસંશાધન, તજજ્ઞતા જરૂરતમંદ વ્યકિતઓને મળી રહે તે હેતુથી આ સંકલન સમિતીની રચના કરી છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, રાજ્યમાં આના પરીણામે ૧૦૦૦ જેટલા ખાનગી ફિઝીશયન્સ, ફેફસા રોગ નિષ્ણાંત અને ૩૦૦ જેટલા એનેસ્થીયસ્ટીસની સેવાઓ જરૂરિયાત મુજબ મળતી થવાની છે.

વિજયભાઇ રૂપાણીએ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં રહેલા ખાનગી તબીબો, ઇન્ડીયન મેડીકલ એસોસિયેશનના અગ્રણીઓ સાથે ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ સંવાદ બેઠક યોજીને કોરોનાની આ વૈશ્વિક મહામારી સામેની લડાઇમાં ખાનગી ક્ષેત્રના તબીબોના સૂચનો-મંતવ્યો મેળવ્યા હતા.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ, ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા, મુખ્ય સચિવ અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન તેમજ વરિષ્ઠ સચિવો શ્રી પંકજકુમાર, ડૉ. રાજીવકુમાર ગુપ્તા, ડૉ. જયંતિ રવિ, અશ્વિનીકુમાર અને IMAના પ્રેસિડેન્ટ ડૉ. કેતન દેસાઇ તથા ડૉ. કમલેશ ઉપાધ્યાય આ વિડીયો કોન્ફરન્સ બેઠકમાં જોડાયા હતા.

મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આ બેઠકમાં મુખ્યમંત્રીએ લીધેલા અન્ય મહત્વના નિર્ણયોની ભૂમિકા પ્રચાર માધ્યમોને આપી હતી.

તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીશ્રીએ રાજ્યકક્ષાએ પણ આરોગ્ય વિભાગના અને કોરોના વાયરસની કામગીરી સાથે સંકળાયેલા વરિષ્ઠ સચિવો તેમજ IMAના અગ્રણી સભ્ય તબીબોની સંકલન સમિતીની રચના કરી નિયમીતપણે ચર્ચા-સંવાદ થાય અને પ્રવર્તમાન સ્થિતીના સંદર્ભમાં જરૂરી કાર્યવાહિનું સંકલન થાય તેવી સૂચના આરોગ્ય વિભાગને આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના ખાનગી તબીબો પોતાના કલીનીક, દવાખાનાઓમાં OPD શરૂ કરે તેવી અપિલ કરતાં ઉમેર્યુ કે પરંતુ જો સારવાર લેવા આવનારા દરદીઓમાં કોઇને પણ કોરોનાના લક્ષણો જણાય તો તુરત જ તેવા દરદીને નજીકની સરકારી હોસ્પિટલ અથવા કોરોના કોવિડ-૧૯ની ડેડીકેટેડ હોસ્પિટલમાં રિફર કરે તેવી તાકીદ કરી હતી.

લોકડાઉનમાં ખગોળ રસિકોએ પિંક સુપરમૂન નિહાળ્યો...

ગાંધીનગર, તા. ૯

આપણી આસપાસના અવકાશમાં અનેક ખગોળીય ઘટનાઓ સતત બનતી રહેતી હોયછે. આ ઘટનાઓને નિહાળવી, તેનો અભ્યાસ કરવો અને તેના વૈજ્ઞાનિક તથ્યોને સમજવા એક અનેરો આનંદ આપતી ક્ષણો હોય છે. ૮ એપ્રિલ ચૈત્રી પુર્ણિમાનો દિવસ હતો.આ દિવસનો પુનમનો ચંદ્ર વર્ષ ૨૦૨૦ માં દેખાનાર ચંદ્રમાં સૌથી મોટો અને તેજસ્વી ચંદ્ર હતો. વિજ્ઞાનની ભાષામાં તેને સુપરમુંન કહેવામાં આવે છે.આમતો ચંદ્ર અને પૃથ્વી વચ્ચેનું સરેરાસ અંતર ૩,૮૪,૪૦૦ KM છે. ચંદ્ર પૃથ્વીની આસપાસ લંબગોળ કક્ષામાં પરિભ્રમણ કરે છે.એટલે તે ક્યારેક પૃથ્વીથી ૪,૦૬,૦૦૦ દ્વસ જેટલો દૂર જાય છે. તો ક્યારેક ૩,૫૫,૦૦૦ KM જેટલો નજીક આવે છે. ગઈ કાલે ચંદ્ર અને પૃથ્વીનું અંતર ૩,૫૬,૯૦૭ KM હતું. એટલે કે સરેરાસ અંતર કરતાં ૩૦૦૦૦ KM જેટલો ચંદ્ર પૃથ્વીની નજીક આવી ગયો હતો. જેના કારણે ચંદ્ર થોડોક મોટો અને વધુ પ્રકાશિત દેખાતો હતો. આ વખતના સુપરમુન ને પિન્ક સુપરમૂન કહેવામા આવ્યો હતો. નોર્થ અમેરીકામાં આ ઋતુમાં ગુલાબી ફૂલો ખીલી ઊઠે છે. એટલે ખગોળશાસ્ત્રીઓએ આ બંને પ્રાકૃતિક ઘટનાઓને યાદગાર બનાવવા પિન્ક સુપરમુન એવું નામ આપ્યું છે.

કોવિડ-૧૯ ના લીધે લોક ડાઉન હોવાથી સમૂહમાં આકાશ દર્શન દ્વારા સુપરમુન ને જોવાનો કાર્યક્રમ યોજી શકાય નહિ પણ આપણે આપના ઘરેથીજ નરી આંખે આ ખગોળીય ઘટના જોઈ શકીએ તે હેતુથી ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનૉલોજિ વિભાગ અને તે હસ્તકના વિજ્ઞાન કેન્દ્રો દ્વારા સોશિયલ મીડિયા થકી વિધ્યાર્થીઓને તથા રસ ધરાવતા લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.

નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર ગાંધીનગર દ્વારા સાયંન્સ ક્લબના વિધ્યાર્થીઓને તથા શિક્ષકમિત્રોને વોટ્સપ અને ફેસબુક પર વિડીયો દ્વારા સુપરમૂન અને આકાશ દર્શન કઈ રીતે કરી શકાય તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઘણા બધા વિધ્યાર્થીઓએ પોતાના ઘરેથીજ આકાશ દર્શન કરતાં ફોટા અમને મોકલી આપ્યા છે. જે વિજ્ઞાર્થીઓનો ખગોળ માટેનો ઉત્સાહ બતાવે છે.

અક્ષયપાત્ર ફાઉન્ડેશન દ્વારા કોવિડ -૧૯ રાહત કાર્યક્રમ દરમિયાન જરૂરીયાતમંદોને મદદ

ગાંધીનગર, તા. ૯

ચીનમાં શરૂ થયેલ કોવિડ -૧૯ રોગચાળો હવે વિશ્વભરમાં ફેલાયેલો છે અને લાખો લોકોના જીવનને અસર કરતી એક મોટી મહામારી તરફ લઈ જાય છે અને આર્થિક મંદીનું કારણ બન્યુ છે.

વિશ્વનો બીજા નંબરનો સૌથી મોટો વસ્તી ધરાવતો આપણો દેશ ભારત હાલમાં ખૂબ જ જોખમ પર છે અને સરકાર કોવિડ -૧૯ રોગચાળા સામે લડવા તમામ જરૂરી પગલાં લઈ રહી છે.

ભારત સરકારે કોવીડ -૧૯ રોગચાળા સામે લડવા માટે ૨૧ દિવસની સંપૂર્ણ લોકડાઉનની ઘોષણા કરી છે, જેનાથી જીવનના

દરેક વર્ગના લોકો, ખાસ કરીને પરપ્રાંતિય મજૂરો અને બેઘર લોકો જેવા નબળા સમુદાયોને અસર થઈ છે.

સરકાર તેમની સહાય માટે વિવિધ રાહત પ્રયત્નોનો અમલ કરી રહી છે. ભારતમાં હાલની કોવિડ -૧૯ પરિસ્થિતિ સામે અક્ષયપાત્ર ફાઉન્ડેશન દ્વારા દેશના ઘણા ભાગોમાં રાહત કાર્યક્રમ બેઘર આશ્રયસ્થાનો, દૈનિક વેતન મેળવનારા અને અન્ય વંચિત લાભાર્થીઓને સ્થાનિક જિલ્લા વહીવટ સાથે મળીને કરિયાણાની કીટ અને મફત ભોજન આપીને શરૂ કરવામાં આવ્યો છે. કોર્પોરેટ ભાગીદારો, વ્યક્તિગત દાતાઓ અને પ્રેરિત સ્વયંસેવકોના સક્રિય સહકારથી, જે લોકો નિસ્વાર્થપણે આ જરૂરિયાતની સમયે આગળ આવ્યા છે, અમે લોકોને રાંધેલા ભોજન દ્વારા અથવા કરિયાણાની કીટ દ્વારા લોકોને રાહત આપવા માટે પ્રયત્નશીલ છીએ.

અક્ષય પત્ર કેન્દ્રીકૃત રસોડું દ્વારા ભોજનની તૈયારીની કાળજી લેવામાં આવે છે અને આંગણવાડી, યુસીડી કેન્દ્રો અને ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં જિલ્લા વહીવટ, નિગમ દ્વારા વિતરણનું સંચાલન કરવામાં આવે છે.

અક્ષયપાત્ર ફાઉન્ડેશન, બેંગલુરુ, શક્ય તેટલા લોકોને બેંગલુરુ (કર્ણાટક) અને અન્ય સ્થળોએ કરિયાણાની કીટનું વિતરણ કરવાની વ્યવસ્થા કરી રહી છે. આ કીટમાં ચોખા / લોટ, તુવેરની દાળ / મગની દાળ, ચણા, સૂર્યમુખી તેલ, હળદર, જીરા અને ધાણા જીરું પાવડર, સાંબર મસાલા / ગરમ મસાલા અને અથાણા જેવી ચીજોનો સમાવેશ કરવામાં આવશે.

તેમાં બટાટા અને કોળા જેવા લાંબા શેલ્ફ લાઇફવાળી શાકભાજી પણ હશે. આમાંની દરેક ફૂડ કીટ એક પુખ્ત વયના લોકો માટે લગભગ ૨૧ દિવસ માટે બે ટંકનું ભોજન તૈયાર કરવા માટે પૂરતી હશે. અમે આ ખાદ્ય રાહત પેકેટો વહેલી તકે વહેંચવાનું શરૂ કરીશું.

આ રાહત કાર્યક્રમ વિશે હરે કૃષ્ણ મુવમેન્ટના અધ્યક્ષ અને અક્ષયપાત્ર ફાઉન્ડેશનના ટ્રસ્ટી, શ્રી જગનમોહન કૃષ્ણ દાસજીએ જણાવ્યું હતું કે, "અમે ભારત સરકાર અને રાજ્ય / કેન્દ્રશાસિત રાજ્ય સરકારો સાથે કામ કરવા માટે નિષ્ઠાપૂર્વક પ્રતિબદ્ધ છીએ અને આ મુશ્કેલ સમયમાં આપણા દેશના લોકોને તમામ સંભવિત સેવાઓ આપીએ છીએ. હરે કૃષ્ણ મુવમેન્ટ, અમદાવાદ અને અક્ષયપાત્ર હંમેશા સરકારના પ્રયત્નોને મદદ કરવા અને કટોકટી દરમિયાન લોકોને રાહત આપવા માટે પ્રયત્નશીલ છે. હું વિવિધ સરકારો, અમારા કોર્પોરેટ ભાગીદારો, વ્યક્તિગત દાતાઓ, પ્રેરિત સ્વયંસેવકો અને તેમના બધા સમર્થકો માટે તેમની સેવાઓ માટે ખૂબ આભારી છું. અમારા પ્રયત્નો નિષ્ઠાપૂર્વક આશાઓ સાથે ચાલે છે કે પરિસ્થિતિ ટૂંક સમયમાં સુધરશે અને જન જીવન સામાન્ય થશે. ત્યાં સુધી, અમે આ ઝ્રઁઁ-૧૯ રોગચાળા દરમિયાન સાથે મળીને કામ કરીશું અને જરૂરી લોકોની સેવા કરીશું."

રાજ્ય સરકારી સંઘ દ્વારા અગિયાર લાખ મુખ્યમંત્રી રાહત નિધીમાં અર્પણ કરાયા

ગાંધીનગર, તા. ૯

કોરોના વાઈરસનાં સંક્રમણને અટકાવવાના ગુજરાત સરકારનાં ભગીરથ કાર્ય માં સહભાગી થવા ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા માન મુખ્ય મંત્રીનાં રાહત ફંડ માં રૂ. ૧૧ લાખ અને કર્મચારીઓના એક દિવસના પગારનો ચેક માન મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીને રાજ્ય સંઘના અધ્યક્ષ શ્રી ઘનશ્યામભાઈ અમીન તથા એક્ઝિક્યૂટીવ ઓફિસર ડૉ. રાજેન્દ્ર ત્રિવેદી અને આસી.માહિતી અધિકારી શ્રી સી જે દવે દ્વારા અર્પણ કરવામાં આવ્યા હતા.

એક ડૉક્ટરની વિનંતી : ઘરમેં રહકર મહફુજ રહેં, અગર હમકો જીંદા રહેના હૈ

આજે વિશ્વ કોરોનાની મહામારીમાંથી સાજાતાજા બહાર નીકળવા મથામણ કરી રહ્યું છે. ભારત દેશ પણ આ મહામારીનો ભોગ બન્યો છે. કોરોના વાઈરસ જાતે એકબીજા પાસે જતો નથી પણ આપણે એકબીજા પાસે જઈયે છીયે અને તેના કારણે સંક્રમણ વધે છે. કોરોનાની ચેઈન તોડવા માટે આપણા વડાપ્રધાને તા. ૨૨મી માર્ચના રોજ એક દિવસના જનતા કરફ્યુ અને ત્યારબાદ લોકડાઉનની સાથોસાથ આ મહામારીના ભોગ બનેલા દર્દીઓની દિનરાત સેવા કરતા ડૉક્ટર, પેરામેડિકલ સ્ટાફ, નર્સ, લેબ ટેકનિશિયન અને સફાઈ સાથે સંકળાયેલા કર્મચારીઓનું તાળીઓ અને થાળીઓ વગાડી પ્રોત્સાહિત કર્યા અને સાથોસાથ સન્માનીત પણ કર્યા. સમાજને તંદુરસ્ત રાખવા અને ગમે તે દિવસે અને સમયે દર્દીઓની સેવામાં હાજર રહેનાર નિસ્વાર્થ ભાવના યોદ્ધા એવા ડૉક્ટર એ 'મા' પછીનું બીજું રૂપ છે. આ નિસ્વાર્થ ભાવના યોદ્ધાઓ માટે એક કવિની કેટલીક પંક્તિઓ...

મુશ્કિલ ઘડિયા હો, ઉલજી કડિયા હો, બેશક તુમ્હારે સાથ હૈ, 'ડૉક્ટર' એક શબ્દ નહીં જજબાત

હૈ.

ત્યોહાર હૈ, રવિવાર હૈ યા કરફ્યુ વાલા બાઝાર હૈ, ખુદ તબિયત ઠિક નહિં યા ઘર પે કોઈ બિમાર હૈ,

ધર્મ કે દંગે હો યા હાદસા સડક કા, કોરોના જૈસી મહામારી હો યા હલકા બુખાર હો,

બિના યે પૂછે કે તુમ્હારા સર કહાં ઝુકતા હૈ, હમ ઈલાજ કો તૈયાર હૈ.

આજ જીંદગી મોત કા એહસાસ લિયે અસ્પતાલો મેં પડી હૈ,

જીસ બિમારી સે આપ ડર ગયે હૈ વો હમારે સામને ખડી હૈ...પર, ન ડરેંગે, ન ઝુકેંગે, ન લોટ કે ઘર જાયેંગે, હમ ઈસ વાદે કે સાથ હૈ... 'ડૉક્ટર' એક શબ્દ નહીં જજબાત હૈ.

કોરોનાના દર્દીઓની સેવા કરતા કેટલાય ડૉક્ટર, પેરામેડિકલ સ્ટાફ, નર્સ, લેબ ટેકનિશિયન, સફાઈ સાથે સંકળાયેલા કર્મચારીઓ અને કોર ટીમમાં સંકળાયેલા અધિકારીઓ તેમજ કર્મચારીઓએ પોતાના પરીવાર, બાળકોને આ બિમારીનો ચેપ ન લાગે તે હેતુથી અલગ રહેવાનું પસંદ કર્યું છે. મા તેમના બાળકોને પોતાના પરિજનોને ત્યાં મુકી આવી છે. દિકરીનો જન્મદિવસ હોય ત્યારે મા ઘરની અંદર જઈ શકતી નથી કારણ કે તેના પરિવારને કોઈ ચેપ ન લાગી જાય. કેક ઘરની બહાર કાપવામાં આવે છે અને મા માટે દરવાજાની બહાર અલગ હિસ્સો મુકી દેવામાં આવે છે. જે મા જાતે ખાઈ દિકરીને દુરથી આશિર્વાદ આપી અલગ રહેઠાણ તરફ ચાલી જાય છે.

માનવસમાજની સર્વાધિક જાનહાનિ કરવાવાળી આ આપદા પર વિજય મેળવવા આપણા આ પ્રથમ હરોળના યોધ્ધાઓ પોતાનો જીવ જોખમમાં મૂકીને ઘરની બહાર નિકળી દિવસ રાત માનવ જીવનને બચાવવા માટે જજુમી રહ્યા છે. ત્યારે પ્રજાએ પણ પોતાના સિધ્ધાંતો અને નિયમો લોકડાઉનના સમય પૂરતા બાજુ પર મુકી સક્રમણથી બચવા અને દેશને આ મહામારીમાંથી ઉગારવા માટે ઘરમાં જ રહીને કોરોનાના રસ્તાને અવરોધવાનો છે. જ્યારે શત્રુ તાકતવર હોય ત્યારે આમને સામનેની લડાઈ કર્યા વગર છાપામાર યુદ્ધ પદ્ધતિ અકસીર સાબિત થાય છે. અને તેથી જ આપણું ઘરમાં રહેવું એ કોરોના ઉપર ગુપ્ત આક્રમણ જ છે. ત્યારે ડો. ગજાદાન ચારણ 'શકિતસુત'ની એક ડૉક્ટર તરીકેની વિનંતી ધ્યાને લેવા જેવી છે.

આસાન્ન મૃત્યુ યદિ આ જાયે, વિપદા કે બાદલ મંડરાએ,

પગ પગ પર સંકટ પ્રસરા હો, યમદૂત સામને ગુર્રાયે,

તબ વૈદ પ્રદ્દત્ત કટુ ઔષધિ કો, જો અમૃત કહ ગટકાતે હૈં, ઉનસે હર રોગ હારતા હૈ, આખિર વે હી બચ પાતે હૈ.

અબ વૈદરાજ કિ બાત માન, કટુ સ્વાદ જીભ પર સહના હૈ,

ઘરમેં રહકર મહફુજ રહેં, ગર હમકો જીંદા રહેના હૈ.

આપણા વડાપ્રધાનની વૃત્તિ શ્રેષ્ઠ છે અને તેથી જ તેમના દ્વારા કોરોનાને નેસ્તનાબુદ કરવાની પ્રવૃતિ પણ શ્રેષ્ઠ જ સાબિત થશે.

માણસ જ્યારે બીમાર પડે છે ત્યારે સૌથી પહેલાં ડૉક્ટરને યાદ કરે છે. આમ, સમાજમાં ડૉક્ટરનું મૂલ્ય અને તેમને માન આપવાની સાથોસાથ તેમની વિનંતીને પણ ધ્યાને લેવી રહી. દર્દીના દુઃખો દુર કરનારા ડોક્ટર્સને સલામ સાથે ડૉક્ટર લાંબુ જીવન જીવે તેવી પ્રભુને પ્રાર્થના.

પ્રસંગસર

સતીષ શામળદાન ચારણ

sscharan_aaa@yahoo.co.in

ડાયરેક્ટ સે

'નશીબ'ને લીફ્ટમાં જવાની આદત છે...
અને
'પુરુષાર્થ'ને પગથિયાં ચડવા પડે છે...

જન્મદિને વધામણી

ડો. પ્રણવ જોષીપુરા
વાઈસ પ્રિન્સિપાલ
ઉમાબા આર્ટ્સ કોલેજ,
ગાંધીનગર
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૦ ૧૩૭૫૩

ઉષાબેન કિશ્ચિયન
મો. ૯૦૯૯૩ ૪૨૪૦૯

શૈલેન્દ્ર વી. સોલંકી
પ્રેસ ફોટોગ્રાફર,
ગાંધીનગર સમાચાર

ચીમનભાઈ આર સોલંકી
મો. ૯૮૨૪૫ ૦૧૭૫૬

હિતેષ ચાંગલાની